Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

## એક ખુલાસો.

અમે અમારાં માગશર માસના અંકમાં જિનેશ્વર ભગવાનની પૂજામાં ચંદનની વપરાશ સંબંધી લખ્યું છે. પરન્તુ પ્રવર્ત્તક શ્રીમદ્ કાન્તિવિજયજી તથા મુનિરાજ શ્રી હંસવિજયજી તથા મુનિરાજ શ્રી ભક્તિ વિજયજી આદિ તરફથી ખુલાસો આવ્યો છે કે,

सच्चन्दनं सकाश्मीरं विनार्चा न विरच्यते ।

એ પ્રમાણે આચારોપદેશ ગ્રંથમાં કહેલું છે. (એનો અર્થ એવો છે કે કેસરમિશ્ર ઉત્તમ ચંદન વિના પૂજા થાય નહિં ).

-- ૩ ગુણાકર સત્ ૭શિવદાયક. ૧
જગતમાં જન જે ભ્રમથી ભમે,
ભવતણાં ૮રસમાં ૯રસથી રમે;
પ્રભુ નહિં સુખ તે જન પામતાં,
કદિ ન તે શરણે તુજ આવતાં. ૨
વચનથી જિન નામ મુખે કહો,

૧ સંસારરૂપ સાગરને તારનારા ૨ જગતનાલોકોના. ૩ પાપને હરનારા. ૪ કૃપા-દયાને ધારણ કરનારા. ૫ કર્મને નાશ કરનારા. ૬ ગુણોની ખાણરૂપ. ૭ મોક્ષને આપનારા. ૮ સંસારના સુખમાં. ૯ આનંદથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[1]શ્રવણુમાં જિન વાણી સદા [2]ગ્રહો;
મન ન તે હૃદયે જિનનું કરો,
[3]કરથકી જિન પુજન આચરો. ૩

# અક્ષય તૃતીયા.

આ પવિત્ર તિથિનો મંગલમય દિવસ ભારત વર્ષ ઉપર પ્રખ્યાત છે. એ દિવસનો વિચાર અને સ્મરણ કરવાથી પણ જૈન પ્રજાના મનમાં આનંદ થાય તેવું છે. એ દિવસ જૈન ઇતિહાસમાં પ્રખ્યાત રીતે પવિત્ર ગણાયેલો છે. અક્ષય સુખ, અક્ષય સંપત્તિ, અક્ષય જ્ઞાન, અક્ષય દાન અને અક્ષય બોધ—એ સર્વ અક્ષય રીતે સંપાદન કરવાનું સાધન-એ અક્ષય તૃતીયાનો દિવસ છે.

આ પવિત્ર મંગલમય દિવસની ઊત્પત્તિ આદિ પ્રભુના ઇતિહાસમાંથી થયેલી છે. જગત્ના મહોપકારી આદિ પ્રભુ અને શ્રેયાંસકુમાર-એ ઉભય દિવ્ય નાયકોના યોગથી આ માંગલ્ય પર્વ પ્રગટ થયેલું છે. તેઓમાં એક સેવ્ય અને બીજો સેવક છે તથા એક દાતા અને બીજો દાન પાત્ર છે. એ દિવ્ય યુગલમાંથી આ પવિત્ર પર્વ પ્રચાર પામેલું છે.

જગત્પતિ આદીશ્વર ભગવાન્ જ્યારે પ્રથમ ચારિત્ર લઇ વિચરતા હતા, ત્યારે અજ્ઞાની લોકોએ પ્રભાવક પ્રભુનો અનગાર ધર્મ સમજ્યા વગર માત્ર ભક્તિ વશ થઇને તેમને હાથી, ઘોડા કન્યા, સુવર્ણ, મણિ, અને મુક્તાફલ વગેરે અર્પણ કરવા દોડતા હતા. જગત્પતિ અને અનગાર પતિ પ્રભુ તેની ઉપેક્ષા કરતા હતા. કારણ કે, તે મહાનુભાવ ત્રિલોકપતિ અને ત્રિલોકના રાજા હતા, તે છતાં તે મહાપદવી તૃણ સમાન ગણી અને વિષય ભોગ રૂપ સાંસારિક સુખને કિંપાક ફલની સમાન માની અનગાર ધર્મ

૧ કાનમાં ૨ ગ્રહણ કરો. ૩ હાથ વડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વીકારી મોક્ષ સુખને માટે યત્ન કરતા હતા. રાગ દ્વેષના વિકારના કારણરૂપ એક પરમાણુ માત્ર પણ ગ્રહણ કરવાની ઇચ્છા કરતાં નહતા.

ઋષભ પ્રભુના પુત્ર બાહુબલિના પુત્ર સોમયશાનો શ્રેયાંસ નામે કુમાર ગજપુરની રાજધાનીમાં મેહેલ ઉપર સુતો હતો. તેણે સ્વપ્નામાં જોયું કે, શ્યામ થઇ ગયેલા મેરૂપર્વતને તેણે અમૃતના કલશથી પખાલીને ઉજળો કર્યો. તેજ રાત્રે સુબુદ્ધિ નામના એક શેઠને સ્વપ્ન આવ્યું કે, સૂર્યના મંડળમાંથી હજાર કીરણો ખરી પડયાં તે શ્રેયાંસ કુમારે સૂર્યના બિંબમાં પાછા સ્થાપિત કર્યાં. તેવીજ રીતે ગજપુરના મહારાજા સોમયશાને પણ સ્વપ્ન આવ્યું કે, એક પરાક્રમી સુભટને તેના ઘણાં શત્રુઓએ ઘેરી લીધો અને તેથી તે આકુળ વ્યાકુળ થઇ ગયો છેવટે શ્રેયાંસ કુમારની સહાયથી તે વિજયી થયો. આ ત્રણે સ્વપ્નાં તેઓએ રાજસભામાં એકઠા મળી પરસ્પર જણાવ્યાં. તે ઉપરથી તેમણે નિશ્ચય કર્યો કે, આજે શ્રેયાંસ કુમારને મોટો અપૂર્વ લાભ થશે. આ લાભથીજ અક્ષય તૃતીયાની ઉત્પત્તિ પ્રાદુર્ભાવને પામી છે.

વસંતનો વિરામ અને ગ્રીષ્મની પ્રવૃત્તિને વખતે વૈશાખ માસ પ્રવર્ત્તતો હતો. તે માસની શુકલ તૃતીયાને દિવસે આદિનાથ પ્રભુ આહારને માટે ભમતાભમતા શ્રેયાંસ કુમારના રાજમેહેલ પાસે આવી ચડયા. તે વખતે રાજકુમાર મેહેલના ગોખ ઉપર બેઠો હતો. સાધુ સ્વરૂપ ભગવંતની મનોહર મુદ્રા દેખી શ્રેયઃસાધક શ્રેયાંસ કુમાર વિચાર કરવા લાગ્યો---આ મનોહર મુદ્રા પૂર્વે કોઇંવાર મારા જોવામાં આવી છે. ઉહાપોહ કરતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન પ્રગટ થઇ આવ્યું. જાતિસ્મરણ એ મતિજ્ઞાનનો એક ભેદ છે; તેથી મતિના મનનથી પોતે પૂર્વે ભગવાન્‌ની સાથે જે નવ ભવ કર્યા હતા, તે તેના હૃદયની આગળ દશ્યમાન થયા. ધનસાર્થવાહ, યુગ્ગી, દેવતા, અને મહાબલ એ ચાર ભવ થયા પછી પાંચમાં લલિતાંગ દેવના ભવમાં પોતે સ્વયંપ્રભા નામે દેવી થયેલ, ત્યારથી પ્રભુની સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોડાએલ પોતાનો સંબંધ તેના સ્મરણ માર્ગમાં આરૂઢ થયો. પછી છઠે ભવે લલિતાંગનો જીવ વજ્રધર રાજા થયો અને સ્વયંપ્રભાનો જીવ શ્રીમતી રાણી થયો. સાતમે ભવે બંને યુગ્મી થયા અને આઠમે ભવે સૌધર્મ દેવલોકે બંને દેવતા થયા; નવમે ભવે ભગવાન્નો જીવ જીવાનંદ નામે વૈદ્ય અને શ્રેયાંસનો જીવ કેશવ નામે શ્રેષ્ઠિપુત્ર થયો. તે ભવે તે બંને મૈત્રીના પવિત્ર સંબંધમાં જોડાયા હતા. તે પછી દશમે ભવે અચ્યુત દેવલોકમાં બંને મિત્ર દેવતા થયા. અગીયારમે ભવે ભગવંતનો જીવ ચક્રવર્ત્તી અને શ્રેયાંસનો જીવ તેમનો સારથિ થયો. બારમે ભવે બંને સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવતા થયા અને તે પછી આ ભગવાન્ રૂષભદેવ થયા અને પોતે શ્રેયાંસકુમાર થયો. આ બધો પૂર્વવૃત્તાંત શ્રેયાંસ કુમારના હૃદયપટ ઉપર આલિખિત થઇ ગયો. તરતજ એ પુણ્યવાન્ રાજકુમાર પોતાના મેહેલના ગોખમાંથી નીચે ઉતર્યો અને જ્યાં પ્રભુ આહાર નિમિત્તે ઉભા હતા, ત્યાં આવીને તેણે ભગવાન્ને ત્રણ પ્રદક્ષિણા કરી અંજલિ જોડી ઉભા રહી આ પ્રમાણે કહ્યું—સ્વામી, આજે મારૂં જીવન કૃતાર્થ થયું છે. આપ મારી ઉપર કૃપા કરો. હું આ સંસારના તાપથી તાપિત છું. મારો ઉદ્ધાર કરો. મહાનુભાવ, મારે આપને પ્રતિલાભિત કરવા છે, હું આ પ્રાસુક આહાર દાનના વિધિથી અજ્ઞાત છું. અઢાર કોડા કોડી સાગરોપમ સુધી વિચ્છેદ થઇ ગયેલ પ્રાસુક આહાર દાનનો વિધિ પ્રગટ કરી મને કૃતાર્થ કરો. જગત્પતિ, અત્યારે મારા ઘરમાં એકસોને આઠ ઇક્ષુરસના ઘડા છે, તે મારે ભેટ દાખલ આવેલા છે. અને તે વળી પ્રાસુક છે. શ્રેયાંસનાં આવાં વચન સાંભળી ચતુર્જ્ઞાની પ્રભુએ તે આહાર નિર્દોષ જાણી પોતાના બે કર પાત્રમાં વોહોરી લીધો. પાણિપાત્ર લબ્ધિના પ્રભાવથી એ મહાનુભાવના કરપાત્રમાં એકસો આઠ ઘડાનો ઇક્ષુરસ સમાઇ ગયો. તેની ઉંચી શિખા ચડી પણ તેમાંથી એક બિંદુ પૃથ્વીપર પડયો નહિં.

પરમ કૃપાળુ સુપાત્ર શ્રી રૂષભદેવ પ્રભુને નવ કોટી વિશુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આહાર દેવાથી મહાદાની શ્રેયાંસ કુમારના હૃદયમાં શુદ્ધ મન વચન અને કાયાથી આનંદનો સમૂહ એવો પ્રગટી નીકળ્યો; કે જે તેના હૃદયમાં અને શરીરમાં સમાયો નહીં. દાનવીર શ્રેયાંસકુમાર આનંદના ઉભરામાં આ પ્રમાણે બોલી ઉઠયો. અહા ! ! આજે મારા કેવાં ભાગ્ય ? મારો પૂર્વનો પુણ્યરાશિ આજે પ્રાદુર્ભાવને પામ્યો. ત્રણ જગત્‌ના પૂજ્ય અને અનંતગુણના નિધાન શ્રી રૂષભદેવ ભગવાને મારે હાથે આહાર વોહોર્યો. તે મહાનુભાવે મારી ઉપર પૂર્ણ પ્રાસાદ કર્યો. આજ મારા પાપસંતાપ દૂર થઇ ગયા અને મારા શ્રાવક જીવનનું સાફલ્ય થઇ ગયું.

શ્રેયઃ સાધક શ્રેયાંસ કુમાર આ પ્રમાણે ભાવના ભાવતો હતો, ત્યાં દેવતાઓએ પંચદિવ્ય પ્રગટ કર્યાં અને "**अहो दानं अहो दानं**"એવી ઉદ્‌ઘોષણા કરી દિશાઓને ગજાવી મુકી; તેમાં દુંદુભિના નાદે મોટો વધારો કર્યો. તે વખતે શ્રેયાંસ કુમારનો દરબાર સુવર્ણથી, ત્રણ ભુવન ધાન્યોથી અને આદિનાથ પ્રભુ ઇક્ષુરસના પ્રવાહથી ભરપૂર થઇ ગયા. ધર્મવીર શ્રેયાંસ કુમારનો આત્મા નિરૂપમ સુખનું ભાજન બની ગયો.

વૈશાખ માસની શુકલ તૃતીયાને દિવસે શ્રી ઋષભ પ્રભુનું શ્રેયાંસ કુમારને ઘેર ઇક્ષુરસથી પારણું થયું, એ મહાદાન તેને અક્ષય સુખનું કારણ થયું, તે માટેજ એ પવિત્ર દિવસ આ ભારત વર્ષમાં અક્ષય તૃતીયાના નામથી પ્રખ્યાત થયો છે. અથવા ઇક્ષુરસના દાનને લઇને તે ઇક્ષુતૃતીયા પણ કહેવાય છે. આ અક્ષય તૃતીયા નો પ્રભાવ જુદે જુદે રૂપે ભારત વર્ષની પ્રજા તેને ઉજવે છે, પણ એ પ્રભાવનું ખરૂં માહાત્મ્ય તો શ્રેયાંસ કુમારને લઇને વિખ્યાત થયેલું છે. અક્ષયતૃતીયાનાઅક્ષય દાનથી મહાનુભાવ શ્રેયાંસ મોક્ષ પદવીનો અધિકારી બન્યો હતો; તેથી તે અક્ષય તૃતીયાની સાથે મહાનુભાવ શ્રેયાંસ કુમારનું યશોગાન જૈન પ્રજા અદ્યાપિ ગાય છે.

આ પવિત્ર પર્વનું આરાધન કરવાને માટે આર્હત શાસ્ત્રોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી રીતે કહેલું છે. અક્ષય તૃતીયાના અક્ષય પર્વને દિવસે જૈન-પ્રજાએ સુપાત્ર ને અક્ષય દાન આપવાનું છે, અક્ષય શીલ પાળવાનું છે, અક્ષય તપ આચરવાનું છે, અક્ષય ભાવના ભાવવાની છે, અને અક્ષય પુણ્યને આપનાર પ્રભુની પૂજા તથા સ્નાત્ર મહોત્સવ કરવાના છે.

એક મહાનુભાવ આચાર્યના બોધ વચનો આ પ્રસંગે સ્મરણીય છે. તેઓએ ભારતની જૈન પ્રજાને નીચે પ્રમાણે બોધ આપ્યો છે, તે દરેક જૈન વ્યક્તિએ પોતાના હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે. હે ભવ્ય પ્રાણીઓ, તમારૂં મન સુખમાં અને દુઃખમાં સંપત્તિમાં અને વિપત્તિમાં સમભાવે રાખજો. તેવી રીતે વર્ત્તનાર મનુષ્ય સુખી થાય છે. મન એ વિલક્ષણ પદાર્થ છે. તેની ચપળતા દૂર કરવી ઘણીજ અશક્ય છે. આ સંસારના પ્રબળ ઝંઝાવાતથી મનની ચપલતા વધ્યા કરે છે. તેને સ્થિર રાખવામાં કયું બલ મેળવવું જોઇએ ? એ વાત દરેક મનુષ્યે સમજવાની છે. વળી મનુષ્ય ક્રીયા બળવડે પોતાને અટલ રાખી શકે ? તે સારી રીતે તેને વિચારવાનું છે. ધનબલ નિમેષ માત્રમાં ઓછું થઇ જાયછે, શરીરબળ રોગને લીધે ક્ષીણ થઈ જાય છે અને મિત્ર બલ ક્ષણ માત્રમાં છિન્ન ભિન્ન થઇ જાય છે ત્યારે ક્રીયા બળવડે મનુષ્ય નાની મોટી વિપત્તિમાં અટલ રહી શકે ? માત્ર ધર્મબલ વડેજ. ધર્મબળથી મનની ચંચળતા દૂર થઇ શકે છે. એટલુંજ નહિં પણ ધર્મબળ અને જ્ઞાન બળ મળીને મનુષ્યનું રક્ષણ થઇ શકે છે. પૃથ્વીનો ઇતિહાસ ઉઘાડીને જુવો તો જણાશે કે ક્રીયા બળના અભાવે કરીને મનુષ્યનું અયોગ્ય સમયે પતન થયું છે. જેઓ આ ભારતની પીઠ ઉપર પ્રગટ થઇ કેવળ શરીર બળ પ્રવર્ત્તાવી કીર્ત્તી સંપાદિત કરવા તત્પર થયા છે, તેઓની કીર્તિ ધર્મબળ વિના ઝાંખી થઇ ગયેલી છે. બાહુબળ, લોકબળ અને ધનબળ સાથે જો ધર્મબળ જોડાએલું હોય તો આ વિશાલ જગત્ કેવી ઊન્નતિના માર્ગમાં હોત? ભવ્યો, આ બધો વિચાર કરી તમે ધર્મબળ સંપાદન કરજો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને આર્હત ધર્મના ઇતિહાસમાં જે જે પ્રખ્યાત પર્વો ઉત્પન્ન થયેલાં છે, તે બધાં ધર્મબળની વૃદ્ધિનાં કારણ છે, એમ ધારી શુદ્ધ મન વચન અને કાયાથી તેની આરાધના કરજો.

---

# જૈન સોળ સંસ્કાર.

## ૧૦ કર્ણવેધ સંસ્કાર.

અન્ન પ્રાશન સંસ્કાર થયા પછી દશમો કર્ણવેધ સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કારમાં શ્રાવકના શિશુના કાન વીંધવામાં આવે છે. આ સંસ્કારનો ઉદ્દેશ બે રીતે સિદ્ધ કરવાને માટે તેની આવશ્યક્તા દર્શાવી છે. એક વ્યવહાર રીતે આભૂષણ વિગેરે ધારણ કરવાને કર્ણવેધની આવશ્યકતા લાગે છે અને બીજી પરમાર્થ રીતે ધર્મ શાસ્ત્રને શ્રવણ કરવાના ચિન્હ રૂપે કર્ણવેધનો ઉપયોગ સહેતુક દર્શાવવામાં આવેલો છે.

આ પવિત્ર સંસ્કારમાં શુભ તિથિ, શુભ વાર અને શુભ નક્ષત્રો લેવાં કહેલાં છે. ત્રણ ઉત્તરા, રોહિણી રેવતી, શ્રવણ, પુનર્વસૂ, મૃગશીર્ષ અને પુષ્ય–એ નક્ષત્રો કર્ણવેધને માટે ઊત્તમ પ્રકારનાં દર્શાવેલાં છે. તે સિવાય હસ્ત, અશ્વિની, ચિત્રા, ધનિષ્ઠા અને અનુરાધા એ નક્ષત્રો પણ કર્ણવેધને માટે ઉત્તમ પ્રકારનાં કહેલાં છે, જન્મેલાં બાળકને અગીયારમાં અને ત્રીજા સ્થાનમાં શુભ ગ્રહો હોવા જોઇએ. ગ્રહ કુંડલીમાં લગ્ન રાશિમાં કુર ગ્રહ ન હોય અને લગ્નનો સ્વામિ વૃહસ્પતિ હોય તો તે કર્ણવેધ કરવામાં શુભકારી ગણેલો છે. શુભ તિથિના યોગમાં મંગલ, શુક્ર સૂર્ય અને વૃહસ્પતિ વાર હોય ત્યારે એ સંસ્કારનો સમારંભ કરવાને સૂચવેલું છે.

આ સંસ્કારમાં દિવસનીજ શુદ્ધિ જોવાની નથી પણ વર્ષની કે માસની શુદ્ધિ જોવાની છે. તેને માટે જ્યોતિષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રમાં દર્શાવેલું છે કે, "ગર્ભાધાન, પુંસવન, જન્મ. સૂર્યચંદ્ર દર્શન, ક્ષીરાશન, ષષ્ટી, શુચિ, નામ કરણુ, અન્ન પ્રાશન અને મૃત્યુ, એ સંસ્કારો આવશ્યક હોવાથી પંડિત પુરૂષોએ, તેમાં વર્ષ તથા માશની શુદ્ધિ જોવી નહીં. અને કર્ણવેધ તથા વિવાહ સંસ્કાર વિગેરેમાં વર્ષ તથા માસની શુદ્ધિ જોવાની છે. તે સાથે દિવસ તથા નક્ષત્ર વગેરેની શુદ્ધિ પણ અવશ્ય જોવાની છે.

આ કર્ણવેધ સંસ્કાર બાળકને પછી ત્રીજા, પાંચમા અને સાતમા નિર્દોષ વર્ષમાં સૂર્ય બળવાન્ હોય ત્યારે તે ઇષ્ટ માસમાં કરવામાં આવે છે. જે વર્ષમાં બાળકને બળવાન સૂર્ય હોય તે વર્ષ વિશેષ પણે ગ્રાહ્ય કરેલું છે. જ્યારે બાળકને આ પવિત્ર સંસ્કાર કરવાનો હોય ત્યારે તે બાળક અને તેની માતાને ગૃહસ્થ ગુરૂએ અમૃતા મંત્રથી અભિમંત્રિત કરેલા જલ વડે મંગલગાન પૂર્વક સૌભાગ્ય વતી સ્ત્રીઓને હાથે સ્નાન કરાવવામાં આવે છે. તે સ્નાન કરતી વખતે કુલાચાર અને સંપત્તિ પ્રમાણે તેલનું વિશેષ સિંચન કરવામાં આવે છે. એ સ્નાનનો વિધિ ત્રણ, પાંચ, સાત, નવ અને અગીયાર દિવસ સુધી કરી શકાય છે. જે ઘરમાં કર્ણવેધ સંસ્કાર કરવાનો હોય, ત્યાં પૌષ્ટિકના અધિકારમાં કહેલ સર્વ પૌષ્ટિક કર્મ કરવામાં આવે છે. પછી શિવાયની આઠ માતાઓનું પૂજન પૂર્વવત્ કરવામાં આવે છે.

આ કર્ણવેધ સંસ્કારનો આરંભ બીજા ગામમાં કુલદેવતાના સ્થાનમાં, પર્વત ઉપર, નદીના તીર ઉપર અથવા ઘરમાં કરી શકાય છે. તે વિષે પોતપોતાના કુલનો આચાર જોવામાં આવે છે. તે પ્રસંગે મોદકનું નૈવેદ્ય, ગીતગાન અને મંગલાચાર વગેરે પણ પોતપોતાતા કુલની રીતિ પ્રમાણે કરવામાં આવે છે.

બાળકને જ્યારે કર્ણવેધ કરવાનો હોય, ત્યારે તેને પૂર્વાભિમુખે આસન ઉપર બેસારી તેનો આરંભ થાય છે અને તે વખતે ગુરૂ નીચેનો વેદ મંત્ર ઉંચે સ્વરે બોલે છે.

ॐ अर्हं श्रुतेनां गोपांगैः कालिकै रुत्कालिकैः पूर्वगतै

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्चूलिकाभिः परिकर्मभिः सूत्रैः पूर्वानुयोगैःछंदोभिर्लक्षणै र्निरूक्तै र्धर्मशास्त्रैर्विद्ध कर्णौ भूयात् अर्हँ ॐ ॥

આ મંત્રનો ભાવાર્થ એવો છે કે, હે બાળક, તું શ્રુત, અંગ, ઉપાંગ, કાલિક, ઉત્કાલિક, પૂર્વગત, ચૂલિકા, પરિકર્મ સૂત્ર, પુર્વાનુયોગ, છંદ, લક્ષણ, વ્યાકરણ, નિરૂક્ત, અને ધર્મ શાસ્રોથી જેના કાન વીંધાએલા છે; એવો થા.

જો શુદ્ર વગેરે હલકા વર્ગના બાળક હોય તો તેનો નીચે પ્રમાણે મંત્ર છે.

"ॐ अर्हँ तव श्रुति द्वयं हृदयं धर्माविद्ध मस्तु ॥"

તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

"હે બાળક, તારા બે કાન અને હ્રદય ધર્મથી વીંધાએલા હો"

આ મંત્ર બોલી કર્ણવેધ કર્યા પછી તે બાળકને કોઇ વાહનમાં લઈ અથવા પુરૂષ કે સ્રીના ઉત્સંગમાં બેસારીને ધર્મસ્થાનમાં લઇ જાય છે. ત્યાં અગાઉ કહેલા વિધિ પ્રમાણે મંડલી પૂજા કરવામાં આવે છે. પછી તે બાળકને યતિગુરૂના ચરણમાં લોટાવવામાં આવે છે, તે વખતે યતિ ગુરૂ ધર્મ લાભ આશીષ આપી તે બાળક ઉપર વિધિથી વાસક્ષેપ કરે છે. તે પછી તે બાળકને ઘરમાં લાવવામાં આવે, ત્યારે ગૃહસ્થ ગુરૂ તેના કાનમાં આભૂષણો પેહેરાવે છે. આ શુભ પ્રસંગે યતિ ગુરૂને ચાર પ્રકારનો શુદ્ધ આહાર તથા વસ્ર પાત્રનાં દાન આપવામાં આવે છે. અને ગૃહસ્થ ગુરૂને વસ્ર તથા સુવર્ણ દાન આપવામાં આવે છે. અહીં આ દશમો કર્ણવેધ સંસ્કાર સમાપ્ત થાય છે.

આ પવિત્ર સંસ્કારનો હેતુ પણ કુલાચારને પુષ્ટિ આપનારો અને ધાર્મિક વૃત્તિને વધારનારો છે. આ સંસ્કારનો ઉદ્દેશ કેવો ઉત્તમ છે, તે તેના મંત્ર ઉપરથી જણાઇ આવે છે. મંત્રની અંદર બાલકને એવો બોધ આપવામાં આવ્યો છે કે, જે બોધ તેની ભવિષ્યની ધાર્મિક વૃત્તિને ઉત્તેજિત કરનારો છે. જેની અંદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સંસ્કારના અધિકારી બાળકને જણાવવામાં આવેછે કે, હે બાળક, આ વખતે અમે આ તારા કાનને વીંધીએ છીએ; તેતો માત્ર દ્રવ્ય તથા વ્યવહારને લઇને છે, પણ ખરી રીતે તારા કાન શ્રુત, અંગ, ઉપાંગ, કાલિક, ઉત્કાલિક, પૂર્વગત, ચૂલિકા, પરિકર્મ સૂત્ર, પૂર્વાનુયોગ, છંદ, લક્ષણ વ્યારણ, નિરૂક્ત, અને ધર્મશાસ્ત્રોથી વીંધાએલા થાઓ–અર્થાત્ તે શ્રુતાદિકનું શ્રવણ કરી તું તારા કાનને પવિત્ર કર્ય, તે શ્રવણેંદ્રિયનો ઉપયોગ સંસારના દુર્વાકય સાંભળવામાં કરવાનો નથી, પણ શાસ્ત્ર સાભળવામાં કરવાનો છે. આ તારો કર્ણવેધ દ્રવ્યરૂપે કરીને તને એવી સૂચના આપવામાં આવે છેકે, તે કર્ણવેધ ભાવરૂપે થાઓ. એટલે આર્હત શાસ્ત્રોનું સતત્ શ્રવણ કરવા પ્રાપ્ત થયેલી કર્ણેંદ્રિયની પટુતા સાર્થક કર્ય.

આ પ્રમાણે આ પવિત્ર સંસ્કારનો હેતુ ઘણોજ ઉત્તમ પ્રકારનો છે. તેને ધ્યાનમાં લઇને હરેક જૈન ગૃહસ્થે આ સંસ્કારના લુપ્ત થયેલા સન્માર્ગને પાછો પ્રવર્ત્તનમાં સ્થાપવો જોઇએ; જેથી જૈનોના સંતાનો સંસ્કાર બલ પ્રાપ્ત કરીને પાછા પૂર્વ સ્થિતિમાં આવે.

# સિદ્ધસૂરિ પ્રબંધ.

( ગત અંક ૯ માના પૃષ્ટ ૨૧૦ થી શરૂ ).

શુભંકર શેઠના નમ્ર વચન સાંભળી આચાર્ય બોલ્યા–શ્રાવકજી, આ તમારા પુત્ર સિદ્ધને અમે હજુ દીક્ષા આપી નથી. તમારી આજ્ઞા વિના દીક્ષા આપવી, તે કોઈ રીતેઉચિત નથી. માતા પિતાની આજ્ઞા મળ્યા વિના સાહસપણે ચરિત્ર લેનારા બાળ અથવા તરૂણ શ્રાવકોને દીક્ષા આપવી, એ શાસ્ત્ર વિરૂદ્ધ છે. આ તમારા પુત્ર સિદ્ધે સાહસથી દીક્ષા લેવા વિચાર કર્યો હતો, પણ તમારી આજ્ઞા મેલવી દીક્ષા લેવા આવવાને માટે અમે તેને પ્રથમથીજ કહેલું છે.

આચાર્ય મહારાજના એવાં વચન સાંભળી શુભંકર શેઠે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધને કહ્યું, વત્સ, આપણે ઘેર ચાલ. તારી માતા અને તારી સ્રી તારાં દર્શન ન થવાથી ઘણીજ ચિંતા કરે છે. પિતાના આવાં વચન સાંભળી સિદ્ધ બોલ્યો– હે પિતાજી, હવે હું ગૃહાવાસમાં આવવાનો નથી. મારૂં હૃદય વૈરાગ્ય યુક્ત થયું છે. આ અસાર સંસારમાંથી મુક્ત થવાને મારી મનોવૃત્તિ આતુર થઇ રહેલી છે. હવે હું જૈન દીક્ષા લઇ મારા જૈન જીવનને કૃતાર્થ કરીશ. પુજ્ય પિતા, મારી માતાને કહેજો કે તમારૂં વચન મને આ સંસાર સાગરમાંથી તારનારૂં થઇ પડયું છે; તેથી હું તેમનો ઘણો ઉપકાર માનું છું. આ દુરાચારી પુત્રે જુગારમાં આસક્ત થઇ તમને બધાને પીડયાં છે તેને માટે મને ક્ષમા આપજો.

સિદ્ધના આવાં વચન સાંભળી શુભંકર શેઠ બોલ્યા. વત્સ, આ તારી માગણી અમારાથી માન્ય થઇ શકે તેમ નથી. તું ઘેર આવ અને તારી ઈચ્છા પ્રમાણે વર્ત. તું અમોને એકનો એકજ પુત્ર છે અને તેથી અમારો સર્વ આધાર તારી ઉપર છે. તારી માતા પુત્રવત્સલા છે. તેણી પોતાના વચનને માટે ઘણો પશ્ચાતાપ કરે છે, તારી તરૂણ સ્રી પતિવૃતા હોવાથી તારા વિના દુઃખી થાય છે. આ બધો વિચાર કરી તારે ગૃહાવાસમાં આવવું જોઇએ. ચારિત્ર લેવાનો આ સમય નથી.

આ પ્રમાણે શુભંકર શેઠે સમજાવ્યાં છતાં સિદ્ધે માન્યું નહીં અને ઉલટી પોતાના પિતાને નમ્રતા પૂર્વક અરજ કરી કે, હે પિતાજી ! તમે મને ગૃહાવાસમાં લઇ જવાનો આગ્રહ કરશો નહિં. અને તમો ખુશીથી મારા ગુરૂને કહો કે, તે મને દીક્ષા આપે. હવે મારૂં જીવન ચારિત્રમાંજ સમાપ્ત કરવાનું છે. આજ પર્યંત જે જે દુરાચાર સેવ્યા છે, અને જે જે અકાર્ય કર્યાં છે, તે બધાંની આલોયણા ચારિત્ર દ્વારા કરી આ જીવનનો અંત લાવવાની મારી પૂર્ણ ઇચ્છા છે. પુજ્ય પિતા, તમે સુજ્ઞ અને શ્રાવકનાધર્મના જ્ઞાતા છો. સન્માર્ગે ચડેલા પુરૂષને ઉન્માર્ગે ચડાવવા એ કેવો મહાન દોષ કહેવાય છે? એ વાત તમે સારી રીતે સમજો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છો. હવે આ તમારો પુત્ર સંસારના મલિન માર્ગનો પથિક થવા નો નથી. પવિત્ર પિતા, તમે શ્રાવક છો. ચારિત્ર ધર્મનો પ્રભાવ કેવો મહાન અને સુખદાયક છે? એ વાત તમારા જાણવામાં આવેલી હોવી જોઇએ. આ સંસાર દુઃખનું મૂળ અને સતત મહાન વેદનાઓને અનુભવ કરાવનારૂં એક મુખ્ય સાધન છે. કુટુંબને પરિવારને અને પિંડને વિવિધ પ્રકારની વ્યાધિઓ અને આધિઓ તેમજ પ્રતિબંધો અને અસંતોષનું આખું લશ્કર ઘેરીનેજ તે સંસારીની સાથે ફર્યા કરે છે. અનેક દુષ્ટ કામનાઓ જેમના હૃદયમાં પ્રતિદિન અનેકવાર આવ્યા કરે છે, એવા સંસારીઓને કર્મના બંધ વધતા જવાથી તેઓ પોતાને માટે સુવિચારના અને મોક્ષના દ્વાર હમેશને માટે બંધ કરવાનીજ પ્રવૃત્તિ કરે છે.

પિતાજી પ્રત્યેક મનુષ્યને ચિંતામણી સરખું શરીર પ્રાપ્ત થાય છે. એ શરીરનો જો સર્વોત્તમ ઉપયોગ થાય તો સર્વોત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. પ્રાપ્ત થયેલું આ શરીર અતીત, અનાગત, સર્વ કાલનું જ્ઞાન પમાડવા સમર્થ સાધન છે. મન બુદ્ધિનો રૂડો ઉપયોગ કરનાર પુરૂષ આ સકલ વિશ્વ ઉપર ધર્મનું સામ્રાજ્ય ભોગવવાને સમર્થ થઇ શકે છે.

પિતાજી, મારા પુર્વના સત્કર્મના યોગે મને આ મહાન પુરૂષોનો યોગ થઇ આવ્યો તેનો મહા લાભ લેવા દો. આત્મસાધન કરવાને પ્રવર્ત્તતા પુત્રને પિતાએ સહાય આપવી જોઇએ. તેમને અંતરાય રૂપ ન થવું જોઇએ. માત્ર અલ્પ સમાગમમાંજ આ મહાશયોએ મને સંસારનું સ્વરૂપ દર્શાવી આપ્યું છે. તે મહાનુભાવે મને થોડીજ વાતચિતમાં નિશ્ચય કરાવ્યો છે કે, સંસાર અને સંસારીજનોનો સંબંધ દુઃખ દાતા છે. જેઓ રાત્રિ દિવસ જડ, દુઃખ ધર્મવાળા વિષયોનાંજ ધ્યાન ધરે છે, તેઓમાં સુખરૂપતા કયાંથી હોય? જેઓ જ્ઞાન અને તેના સામર્થ્યના ભંડારને રાત્રિ દિવસ રળતા હોય છે, તેમનામાં જ તે હોય છે, માટે સંસારી તથા વિષયી જનોનો સંબંધ સ્પૃહણીય નથી. માટે હે પિતાજી, મને ચારિત્ર લેવાની આજ્ઞા આપો. અને મારા મલિન આત્માનો ઉદ્ધાર કરવા દો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધનાં આવાં વૈરાગ્યને પોષણ કરનારા વિનયી વચનો સાંભળી શુભંકર શેઠ પ્રસન્ન થઈ ગયો. પુત્રની પવિત્ર વૃત્તિ જોઇ તેના આસ્તિક હૃદયમાં પરમ સંતોષ થયો. પછી પુત્રનો આગ્રહ જોઇ શુભંકરે દીક્ષા લેવાની રજા આપી. પિતાની રજા મેળવ્યા પછી આચાર્ય મહારાજાએ મોટા ઉત્સવથી સિદ્ધને દીક્ષા આપી અને તેનું **સિદ્ધસૂરિ** નામ પાડયું. સિદ્ધ પૂર્વાવસ્થામાં જેવો અનુચિત્ત માર્ગનો પથિક હતો, તેવો તે ઉચિત એવા મુનિમાર્ગનો પથિક થયો. ચારિત્ર લેવાની સાથેજ તેનામાં કુશાગ્ર બુદ્ધિ પ્રગટ થઇ આવી. આર્હત ધર્મ શાસ્ત્રોનું શુદ્ધ તત્ત્વ જ્ઞાન તેના હૃદયમાં સ્વતઃ સ્ફુર્ણાયમાન થઇ ગયું. સૂત્ર તથા સૂત્રાર્થ—ઉભયમાં તેની સૂક્ષ્મ બુદ્ધિ પ્રસરી ગઇ. સ્યાદ્વાદ સિદ્ધાંતનું રહસ્ય નિઃશંકપણે તેના જાણવામાં આવી ગયું. ચાર પ્રકારના અનુયોગમાં તેનો અસ્ખલિત પ્રવેશ થઇ ગયો,

એક વખતે ચતુર સિદ્ધસૂરિએ પોતાના ગુરૂ મહારાજને વિનંતિ કરી કે, પૂજ્ય સ્વામી, આપ મારા ગુરૂ છો, પણ આપના ગુરૂની પરંપરા કેવી છે? તે મારે જાણવું છે. સિદ્ધ સૂરિના આવાં વચન સાંભળી આચાર્ય પ્રસન્ન ચિત્તે બોલ્યા—ભદ્ર, આપણો નિર્વૃતિ ગચ્છ જગત્‌માં ઘણોજ પ્રખ્યાત છે. પૂર્વે શ્રી વજ્ર સ્વામી મહારાજ થયેલા છે, તે આપણા ગચ્છના પ્રખ્યાત સૂરિ છે. તેમને શ્રી વજ્રસેન સૂરિ નામે શિષ્ય થયા હતા. તે મહાનુંભાવ વજ્રસેનસૂરિને **નાગેંદ્ર, નિર્વૃત્તિ, ચંદ્ર** અને **વિદ્યાધર** એવા નામના ચાર શિષ્યો થયા હતા. તે પછી તે નિર્વૃતિના ગચ્છમાં મહાબુદ્ધિમાન્ સુરાચાર્ય થયા છે અને તેના શિષ્ય જે ગર્ગમુનિ તે હું તમારો દીક્ષા ગુરૂ છું.

પોતાના ગુરૂએ આ પ્રમાણે ગચ્છનું વર્ણન કરી બતાવ્યું, તે સાંભળી સિદ્ધસૂરિને પોતાના ગચ્છને માટે બહુ માન ઉત્પન્ન થયું. અને તે ગચ્છમાં એક પ્રખ્યાત વિદ્વાન થવાની ઇચ્છા કરી. પછી સિદ્ધસૂરિએ એક નિષ્ઠાથી જ્ઞાનની ઉપાસના કરવા માંડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની ધાર્મિક ક્રિયા સાચવવા શિવાયનો બધો સમય તેમણે સ્વાધ્યાયમાંજ નિર્ગમન કરવા માંડ્યો. ગુરૂની કૃપાથી અને શુદ્ધ બુદ્ધિના પ્રભાવથી એ સમર્થ ધર્મવીરે ભારતવર્ષના વિદ્વાનોમાં એવી સારી ખ્યાતિ મેળવી કે, જેઓ 'સર્વ શાસ્ત્રના પારગામી' એવા ઉપનામથી ઓળખાવા લાગ્યા.

આ સમયે ભારતવર્ષ ઉપર બૌદ્ધ ધર્મનો પ્રસાર ઘણો થયેલો હતો. સર્વ દર્શનોમાં બૌદ્ધ દર્શનની ગણના ઉત્કૃષ્ટપણે થતી હતી. ભારતના અગ્રેસર વિદ્વાનો અને કેટલાએક રાજાઓ એ દર્શનને તાબે થઇ રહ્યા હતા. બૌદ્ધની જ્ઞાન સમૃદ્ધિની સત્કીર્તિ ભારતની ચારે દિશાઓમાં પ્રસરી રહી ગઇ. બૌદ્ધના આચાર્યો પોતાના તાર્કિક તત્વવાદથી ઇતર દર્શનના લોકોને ક્ષણમાં પરાભવ કરી શકતા હતા.

આ પ્રમાણે બૌદ્ધ દર્શનની ચમત્કાર ભરેલી ખ્યાતિ સાંભળી સિદ્ધ સૂરિના મનમાં તે જાણવાની ઉત્કંઠા પ્રગટ થઇ આવી; "જૈન શાસન કરતાં બૌદ્ધ શાસન શી રીતે ચડીયાતું થઇ શકે?" એવી શંકા અને તર્ક સિદ્ધસૂરિની મનોવૃત્તિમાં વારંવાર થવા લાગ્યા. આથી એ મહાનુભાવે તે જિજ્ઞાસા પૂર્ણ કરવાની ઇચ્છા કરી અને તેઓએ પોતાના ગુરૂની પાસે આવી નીચે પ્રમાણે વિનય પૂર્વક વિજ્ઞપ્તિ કરી—

ભગવન્, આ ભારત ભૂમિપર બૌદ્ધ લોકોની સત્કીર્તિ સારી સંભળાય છે, તેનું શું કારણ છે? તે જાણવાની મારી ઇચ્છા થઇ છે તેથી આપ આજ્ઞા આપો તો બૌદ્ધ લોકોના પ્રમાણ શાસ્ત્રોનો તેમની પાસે જઇને હું અભ્યાસ કરૂં. તેમના પ્રમાણશાસ્ત્રો કેવા ચમત્કારી અને પ્રૌઢ વિચારોથી ભરેલાં છે? એ બાબત નિશ્ચય કરવાની મારી ઇચ્છા થઇ છે.

હે સ્વામી! બૌદ્ધ દર્શનનું અવલોકન કર્યાપછી હું તેનું ખંડન કરવાને સમર્થ થઇ શકીશ. અને આપણા જૈન સિદ્ધાંતનો મહાન્ ઉત્કર્ષ કરી શકીશ. સિદ્ધસૂરિનાં આવાં વચન સાંભળી ગર્ગા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર્ય વિચારમાં પડી ગયા. ક્ષણવાર વિચાર કર્યા પછી તેમણે જણાવ્યું—શિષ્યવર્ય, તમારી ઇચ્છા પૂર્ણ કરવાને હું અત્યંત ખુશી છું, તથાપિ મારા હૃદયમાં અનેક જાતની શંકાઓ આવ્યા કરે છે. બૌદ્ધ દર્શનના વિદ્વાનો ઘણાં વિલક્ષણ હોય છે. તે લોકો એવા તો પ્રપંચી છે કે, તેમણે કલ્પેલા હેત્વાભાસોથી લોકોના હૃદયને પીગળાવી નાંખે છે. તેમના તાર્કિક વિચારો એકવાર સાંભલવાથી મનન કરેલા વિચારોને પણ ફેરવી નાખે છે. તેથી તમારા પવિત્ર હૃદયના સમ્યકત્વ ભરેલા સદવિચારો ઉપર તેઓ વિપરીત અસર કરી શકશેઅને તેથી તમોને કંઇક પણ અનર્થ થશે, એમ મને ભાસન થાય છે. વળી આ સમયે દેખાતા નિમિત્તથી પણ એમ જણાય છે કે, તમે તમારા ઉપાર્જન કરેલા પુણ્યોનો ત્યાં જઇને નાશ કરશો. અને ચિંતામણિ રત્ન જેવા આ સનાતન જૈન ધર્મરૂપ ચિંતામણિને ગુમાવી બેશશો. ગુરૂ મહારાજનાં આવાં વચન સાંભળી જૈન સિદ્ધાંતના સારને જાણનારા સિદ્ધસૂરિ વિનયથી બોલ્યા—મહાનુભાવ ગુરૂવર્ય, આપે જે સૂચના આપી તે મારા ધ્યાનમાં છે. મારે માટે જરાપણ શંકા રાખશો નહીં. મારી શ્રદ્ધા અવિચલ છે. બૌદ્ધ દર્શનના ચમત્કારી પ્રભાવમાં હું કદિપણ લિપ્ત થવાનો નથી. મારા સ્યાદ્વાદ સિદ્ધાંતની આગળ તેઓના મનકલ્પિત વિચારો ક્ષણવાર પણ ટકી શકવાના નથી. એ વાત મારા મનમાં દ્રઢ થઇ ગઇ છે. આપનો ઉપદેશ વજ્રલેપની જેમ મારા આસ્તિક હૃદયમાં જે સ્થાપિત થયેલો છે તે કદિ પણ ચલિત થવાનો નથી.

મહાશય વર્ય, આપ મહાનુભાવની આગળ મારે મારી શ્રદ્ધાની વિશેષ પ્રશંસા કરવી તે યોગ્ય નથી. તથાપિ મારી શ્રદ્ધા કેવી છે અને મારા હૃદયમાં સંવેગનો રંગ કેવો સ્થાપિત થયેલો છે? તેના પૂરાવા રૂપે આ નવીન ગ્રંથો આપની આગળ નિવેદન કરૂં છું.

આ પ્રમાણે કહી સિદ્ધસૂરિએ પોતે રચેલા બે ગ્રંથો ગર્ગા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર્યની આગળ મુકયા હતા. તેઓમાં એક ગ્રંથ **ઊપમિત ભવ પ્રપંચા કથા** એવે નામે હતો અને બીજો ધર્મગણિએ રચેલ-ઉપદેશ માળા ઉપર રચેલી ટીકાનો હતો. આ બંને ગ્રંથોની રચના જોઇ ગર્ગાચાર્ય ઘણાજ પ્રસન્ન થયા હતા. પોતાના પ્રભાવિક શિષ્યની આવી અસાધારણ વિદ્વત્તા જોઇ તેઓને ખાત્રી તો થઇ હતી કે, કદિ આ શિષ્ય બૌદ્ધદર્શનનું અવલોકન કરે તો પણ તેની શ્રદ્ધા અવિચળ રહેવાનો સંભવ છે. પણ નિમિત્તનો પ્રભાવ જોતાં તેમના મનમાં શંકા રહ્યા કરતી હતી. તેથી આચાર્યે પુનઃ સશંક હૃદયે જણાવ્યું. હે શિષ્ય સિદ્ધ, તારી વિદ્વત્તા જોઇ મને સંતોષ થાય છે. આ ઉપમિત ભવ પ્રપંચા કથાનો ગ્રંથ તારા હૃદયના સંવેગને, વૈરાગ્યને અને મહા પાંડિત્યને સૂચવે છે તેમજ દ્રઢ કરે છે, તથાપિ બૌદ્ધ દર્શનના કપટ જાલનો અને તેઓના લેખોના ચમત્કારોનો વિચાર કરતાં તને ત્યાં મોકલતા મને મારા મનમાં શંકા રહ્યા કરે છે.

સિદ્ધે આગ્રહથી જણાવ્યું, સ્વામી એવી શંકા રાખશો નહિ, હું મારી શ્રદ્ધાને કદિપણ ફેરવીશ નહિં. મારા હૃદય ઉપર આર્હત ધર્મની મુદ્રા વજ્રલેપ થઇ ગઇ છે. સમ્યકત્વના પ્રૌઢ પ્રકાશે મારા હૃદયના અંધકારને દૂર કરી તે પર સારૂં અજવાળું પાડયું છે. પ્રિય ગુરૂજી, શંકા રાખશો નહીં. મારા હૃદયની ઉત્કંઠા પૂર્ણ કરવાને મને જવાની આજ્ઞા આપો.

સિદ્ધનો આવો અતિ આગ્રહ જોઇ ગર્ગાચાર્ય ક્ષણવાર વિચાર કરી બોલ્યા—સિદ્ધ, ત્યાં જવામાં મારી ખુશી તો નથી, તે છતાં પણ જો તને ત્યાં જવાનીજ ઉત્કંઠા હોય તો આ અમારૂં ધર્મધ્વજ (રજોહરણ) અમને પાછું અર્પણ કર અને ફરીવાર મારી પાસે એકવાર પાછું આવવાનું વચન આપ. ગુરૂના આવા વચન સાંભળી સિદ્ધસૂરી બોલ્યા—ભગવન, આપે મારી ઉપર અનિર્વચનીય ઉપકાર કર્યો છે, તેથી હું આપનું વચન કદિપણ ઉલ્લંઘન કરીશ નહિં જરૂર હું આપની પાસે પાછો આવીશ તે બૌદ્ધ લોકોના પ્રમાણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રો બહુ દુર્બોધ છે, એવું મારા સાંભળવામાં આવ્યું છે; તેથી ફક્ત મારી બુદ્ધિની પરીક્ષા કરવાને માટેજ હું ત્યાં જાઉંછું. આ પ્રમાણે કહી મહાનુભાવ સિદ્ધસૂરિ ગુરૂને વંદના કરી ધર્મધ્વજ અર્પણ કરી અને મુનિવેષ બદલાવી **મહાબોધ** નામના બૌદ્ધ લોકોના નગરમાં ગયા હતા.

અપૂર્ણ.

# વાસ્તુ યાને પ્રવેશ મહોત્સવ.

આ અક્ષય તૃતીયાના મંગલિક દિવસે અમારી **આત્માનંદ સભાએ** પોતે ખરીદ કરેલા નવા મકાનમાં અમારી સભા અને તેને અંગે લાઇબ્રેરી અને તે સાથે એક સારૂં જ્ઞાન મંદિર કરવામાટે વાસ્તુ પ્રવેશ મહોત્સવ કર્યો હતો. જે સ્થાન ભાવનગરમાં લોઢી પોશાળના નામથી ઓળખાય છે. એ સ્થાન ભાવનગરની જૈન પ્રજાના વસ્તીના મોટા ભાગમાં હોવાથી સર્વરીતે ધાર્મિક ક્રિયાની અનુકૂલતાવાળું ગણાય છે. તે સાથે તેની બાંધણી ઘણી સુશોભિત હોવાથી ધર્મના જાહેરકામને માટે તે ઘણુંજ ઉપયોગી થઇપડે તેવું છે.

અક્ષય તૃતીયાના મંગલમય પ્રભાતે **આત્માનંદ સભાના** સર્વ **સભાસદો** જિનપૂજા વગેરે નિત્ય ક્રિયા કરી સભાના **પૂર્વના** સ્થાન ઉપર એકઠા થયા હતા. બરાબર મુહૂર્તનો સમય નજીક આવ્યો એટલે **વાસ્તુ કલશ** તથા **જ્ઞાનને** લઇ સર્વ મંડલ ગાજતે વાજતે શહેરના જાહેર રસ્તા ઉપર નીકળ્યું હતું. જો કે વરઘોડો સામાન્ય હતો, તથાપિ પ્રેક્ષકોના મનને આકર્ષે તેવો સુંદર દેખાતો હતો. વાસ્તુકલશને જૈન વિધિ પ્રમાણે અલંકૃત કરી એક સુંદર કુમારિકાએ પોતાના મસ્તક ઉપર ધારણ કર્યો હતો. તેની પાછળ અત્રેની **ઉજમબાઇ જૈન કન્યાશાળા** ની બાલ બાલિકાઓ સુંદર શૃંગાર ધારણ કરી મધુર ગીત ગાતી ગાતી ચાલતી હતી. તેની આગળ દેશી બેન્ડ શ્રવણને સુખ આપે તેવું મધુર સંગીત કરતું ચાલતું હતું. બરાબર મુહૂર્તનો યોગ્ય સમય આવ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે તે સર્વ મંડળ પોતાના વાસ્તુ સ્થાનમાં આવી પોહોંચ્યું અને આદીશ્વર ભગવાનની જયના અને વિજયાનંદ સૂરિના વિજયના નાદ કરી તેણે પોતાના નવીન મંદિરમાં પ્રવેશ કર્યો હતો.

તે નવીન મંદિરને મંગલ તોરણો, છોડો અને બીજી જ્ઞાન સાધનોની સુંદર સામગ્રીથી સુશોભિત કરવામાં આવ્યું હતું. તેના બીજા માળ ઉપર પ્રભુજીની સુંદર પ્રતિમાજી પધરાવવામાં આવ્યા હતા અને વચલા માલમાં વાસ્તુ કલશની પ્રતિષ્ઠાનું મંગળ સ્થાન રાખવામાં આવ્યું. હતુ જ્યાં ભૈરવીના રાગથી મનને રંજન કરનારી સરણાઇના સુરની સાથે નોબતના નાદ થઇ રહ્યાહતા.

પછી વાસ્તુકલશને વિધિથી તેના નિર્મિત સ્થાન ઉપર મુકવામાં આવ્યો હતો. અને તેને બાલ શ્રાવિકાએ ચંદન, અક્ષત અને પુષ્પથી વધાવ્યો હતો. ત્યારબાદ સભાના પ્રમુખ શા. મગનલાલ ઓધવજીએ જૈન વાસ્તુ વિધિ પ્રમાણે તેની પૂજા વગેરે બધી ક્રિયા કરી હતી, જે ક્રિયા અત્રેના પ્રખ્યાત શાસ્ત્રી નર્મદાશંકર દામોદરને હાથે કરાવવામાં આવી હતી. અને તેજ વખતે આ નવા મકાનનું શ્રી આત્માનંદ ભુવન એવું નામ આપવામાં આવ્યું હતું. હવેથી તે નામે ઓળખવામાં આવશે. વાસ્તુ ક્રિયા સંપૂર્ણ થયાપછી શાસ્ત્રીજીનો આશીર્વાદ અંગીકાર કરી અને આ પવિત્ર અને માંગલિક કાર્યના ઉમંગને પ્રગટ કરનારી ભાવના લઇ સર્વ મંડળ વિસર્જન થઇ ગયું હતું, તેજ દિવસે મધ્યાન્હ પછી તે નવીન મંદિરમાં પ્રભુની પુજા ભણાવવામાં આવી હતી. તે પ્રસંગે અત્રેના રાજગાયક ભોજક દલસુખરામને તેના સંગીતના સાજ સાથે બોલવામાં આવ્યા હતા. આથી પૂજાનો ઠાઠ ઘણોજ ઊંચા પ્રકારનો જામ્યો હતો. બપોરના પાંચ વાગે પૂજાની સમાપ્તિ થતાં આ માંગલ્ય મહોત્સવના પ્રભાવને સૂચવનારી બીજી પ્રભાવના લઇ સર્વ મંડળ મિષ્ટાન્ન ભોજન ઉપર ગયું હતું.

પછી રાત્રિના સાડા સાત વાગે તે નવીન મંદિરમાંજ એક જાહેર સભા બોલાવવામાં આવી હતી, જેમાં તે સભાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભ્યગૃહસ્થો ઉપરાંત બીજા જૈન ગૃહસ્થોને આમંત્રણ કરવામાં આવ્યું હતું. પ્રમુખના આસન પાસે ગોઠવેલા બે આસનોમાં સભાના હંમેશના પ્રમુખ શા. મગનલાલ ઓધવજી અને તેમની જમણી તરફ અત્રેના સંઘના અગ્રેસર ગૃહસ્થ વોરા હઠીસિંગ ઝવેરચંદને બેસારવામાં આવ્યા હતા. નિયમિત કરેલો સમય થતાં સભાના સેક્રેટરી શા. દામોદર હરજીવનદાસે ટુંકા શબ્દોમાં સભા ભરવાનો ઉદ્દેશ કહી સંભળાવ્યો હતો. તે પછી કોન્ફરન્સના પ્રસિદ્ધ વક્તા અને આ સભાના અગ્રેસર માન્ય સભાસદ મી. વલ્લભદાસ ત્રીભોવનદાસ ગાંધીએ જ્ઞાન અને જ્ઞાનનો પ્રભાવ એ ઉપયોગી વિષય ઉપર ઘણુંજ અસરકારક ભાષણ કર્યું હતું. જ્ઞાન એ શી વસ્તુ છે, જ્ઞાનને માટે જૈન શાસ્ત્રમાં શું લખેલું છે? જ્ઞાનની આરાધના કરવાથી શા શા લાભ થાય છે. જ્ઞાન વિનાનું માનવ જીવન કેવું નકામું છે? જ્ઞાનનો પ્રભાવ અને તેનું મહાત્મ્ય કેવું છે? જ્ઞાનાવરણીય કર્મ ખપાવવાનું સાધન જ્ઞાન છે અને જ્ઞાનના ગુણથી આત્માની નિર્મળતા પ્રાપ્ત થઇ શકે છે. એ વગેરે ઘણું અસરકારક વિવેચન કર્યું હતું, તે દિવસના પ્રસંગમાં તે તરૂણ વક્તાએ આત્માનંદ સભાએ વાસ્તુ કરેલા આનવીન સ્થાનનો ઉપયોગ ભવિષ્યમાં જ્ઞાન મંદિર કરવાને માટે છે. એ વાત જણાવી હતી, અને ભવિષ્યમાં આ સુંદર સ્થાન ભારત વર્ષની જૈન પ્રજામાં એક જ્ઞાન મંદિરને નામે પ્રખ્યાત કરવાની સભાની ઉત્તમ ધારણાને માટે આત્માનંદ સભાના અંતરંગ વિચારો પ્રગટ કરી તે વિષે સારૂં વિવેચન કર્યું હતું.

તે પછી આ સભાના ઉપપ્રમુખ શેઠ ગુલાબચંદ આણંદજી એ ઉપરના વિષયની પુષ્ટિને માટે સારા અસરકારક શબ્દોમાં સંક્ષિપ્ત વિવેચન કરી સભાએ આરંભેલા આ નવીન કાર્યને માટે દૃષ્ટાંતરૂપે ભર્તૃહરિના બે શ્લોકો આપી સર્વ સંપથી વર્તવાની અને આવા સર્વોપયોગી કાર્યમાં દ્વેષ, ઇર્ષ્યા, વગેરે દોષોને દૂર કરી સદ્ભાવ કરવાની આવશ્યક્તા દર્શાવી હતી. ત્યારપછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભાના કાર્યવાહક અને શુભ ચિંતક અત્રેની હાઇસ્કુલના શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે જ્ઞાનના વિષયને શાસ્ત્રીય રીતિમાં મુકી જુદી રીતે વિવેચન કર્યું હતું. તે વિદ્વાન વક્તાએ જ્ઞાનને આરાધન કરવામાં વર્ણત્રિપુટી, આનંદ ત્રિપુટી અને ધર્મ ત્રિપુટી–એ ત્રણ પ્રકારની ત્રિપુટી દર્શાવી તેને અંગે સંસ્કૃત શ્લોકોના દાખલા આપી ઉક્ત વિષયને પલ્લવિત કર્યો હતો. અને તે સાથે ભારતવર્ષની આર્ય પ્રજામાં જ્ઞાન સમૃદ્ધિમાં ચડીયાતી જૈન કોમને જ્ઞાનનું આરાધન કરવાની ઉત્તમ સૂચના આપી હતી. તે પછી શિષ્યોએ પોતાનું શિષ્યપણું કેવી રીતે અદા કરવું જોઇએ? તેને માટે વિવેચન કરી તે ગુણને ધારણ કરનારા આત્માનંદ સભા ના સભ્યોની પ્રશંસા કરી તેમની ગુરૂભક્તિનાં વખાણ કર્યાં હતાં અને તે પ્રસંગે આચાર્ય શ્રી આત્મારામજી અને વૃદ્ધિચંદ્રજી મહારાજના ગુણોનું સ્મરણ કરાવી તેમણે જૈન વર્ગ ઉપર કરેલા મહાન્ ઉપકાર વિષે વિવેચન કરી બતાવ્યું હતું, સાથે જૈનોના પ્રાચીન ગ્રંથકારોની જ્ઞાન સમૃદ્ધિની ભારે સ્તુતિ કરી હતી. તે પછી નીચેનો આશીર્વાદનો નવીન શ્લોક ઉચ્ચારી શાસ્ત્રીજીએ પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું.

( शार्दूलविक्रीडित ).

यावच्चंद्रदिवाकरौहि गगने स्वीय प्रभा भासुरौ ।
यावद्भूः शुभ तीर्थ चैत्यसहिता प्रोद्भासते धर्मतः ॥
यावद्वीर जिनस्य वाग् विलसति श्री धर्मतत्वान्विता ।
"आत्मानंद सभा" स्वसभ्य सहिता तावच्चिरंजीयताम् ॥१॥

"જ્યાંસુધી સૂર્ય ચંદ્ર આકાશમાં પોતાની કાંતિથી પ્રકાશે, જ્યાંસુધી આ ભૂમિ જૈન તીર્થો અને ચૈત્યો સહીત ધર્મથી પ્રકાશે અને જ્યાંસુધી શ્રી વીર પ્રભુની વાણી ધર્મ તત્વની સાથે વિલાસ કરે ત્યાંસુધી આ આત્માનંદ સભા પોતાના પરંપરાના સભાસદોની સાથે ચિરકાલ જય પામો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પછી શા. જીવરાજ ઓધવજી બી. એ. એલ. એલ બી. એ ચાલતા પ્રસંગ વિષે ઘણા ઉંચા શબ્દોમાં વિવેચન કર્યું હતું. તે અનુભવી વિદ્વાને જ્ઞાનની મહત્તા વિષે કેટલી એક સૂચના કરી દરેક જૈન વ્યક્તિએ આ સભાને સહાય આપવાની આવશ્યક્તા જણાવી હતી. તે પછી સભાના પ્રમુખ શા. મગનલાલ ઓધવજીએ વક્તાઓનો અને તે પ્રસંગમાં ભાગ લેનારા ગૃહસ્થોનો આભાર માની પોતાના હૃદયનો પૂર્ણ સંતોષ પ્રગટ કર્યો હતો. તે પછી સભાના બીજા સેક્રેટરી શા. ભગવાનલાલ કરશનજીએ આવેલા ગૃહસ્થોનો આભાર માની સભા વિસર્જન થવાની સૂચના કરી હતી. તે પછી સભાના મેમ્બર શા. મણિલાલ ઘેલાભાઇએ ફોનોગ્રામનું મધુર અને આનંદ કારક સંગીત સંભળાવ્યું હતું. તે પછી રાત્રિના દશ વાગે સ્વર્ગવાસી આચાર્ય શ્રી વિજયાનંદ સૂરિના કીર્ત્તિ સ્તંભ રૂપ એ ભવિષ્યના જ્ઞાન મંદિર નો વિજય ઇચ્છી સર્વ સમાજ જય ધ્વનિ સાથે અંગમાં ઉમંગ ધરી વિસર્જન થયો હતો.

---

# અમારો મહાન્ પ્રયાસ.

અમારી સભાનો લાંબા વખતથી એક સારૂ જ્ઞાનાલય કરવા માટેનો શુભ ઇરાદો હતો, જેને માટે નિરંતર આ સભા પ્રયાસ કરતી હતી. આવા મહાન કાર્યને માટે પ્રથમ સ્થાનને અનુષ્ઠાનની હમેશાં જરૂર હોય છે. તે પ્રયાસ અમારો ગયા માસમાં સફળ થયો છે; જે સમાચાર અમારા ગયા માસના માસિકમાં આપવામાં આવ્યા છે. પ્રથમ સ્થાન આ સભાએ દીર્ઘ દૃષ્ટિ વાપરી મોટી રકમથી ખરીદેલ છે, જે સ્થાન લોઢી પોશાળના નામથી ઓળખાતું મકાન કહેવાય છે. આ સ્થાન એટલું બધું વિશાળ, સુંદર, અને તદન પથ્થરનું બાંધેલું હોઇને ઘણે ભાગે ફાયરપ્રુફ જેવું છે. સદરહુ મકાન લગભગ ૬૦ ફુટ લાંબુ, ૨૦ ફુટ પહોળું છે. હજી આ મકાનને લાકડ કામ કઢાવી નાંખી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં લોખંડ કામ નાંખી તેને તદન ફાયરપ્રુફ બનાવવા આ સભા ખાસ ઇરાદો રાખે છે.

આ મકાનમાં ખાસ એક **જ્ઞાન મંદિર** જેવું કે આ ભારત વર્ષમાં કોઇ સ્થળે નથી તેવું, ચાલતા જમાનાને અનુસરીને પુસ્તકોનું દરેક રીતે રક્ષણ થઇ શકે તેવું કરવાનો પ્રયાસ આ સભાએ શરૂ કરેલો છે. આ જ્ઞાન મંદિરમાં જૈન દર્શનના ચારે અનુયોગના ન્યાય અને તત્વજ્ઞાનના, તમામ જાતના લખેલા છાપેલા ગ્રંથોનો સંગ્રહ એકઠા કરવાનો ખાસ ઇરાદો આ સભાનો છે; અને તેમ કરતાં તે ગ્રંથો વાંચવા, ભણવા, ભણાવવા દેશ પ્રદેશના કોઈ સાધુ મુનિ મહારાજ, યાને સાધ્વીજી મહારાજ યા જૈન બંધુઓ ઉપયોગમાં લેવા તેઓ સાહેબો અમોને લખી જણાવશે તો તે કાર્યની ખાત્રી થયે અમારાજ ખર્ચે મોકલવામાં આવશે.

વળી કેટલાએક સાધુ મુનિ મહારાજાઓને પોતાના ઉપયોગના પુસ્તકો, પ્રતો, ગ્રંથો વિગેરે તેઓ સાહેબો વિહાર કરી દેશ પ્રદેશ વિચરતા હોવાથી, સાથે રાખી શક્તા નથી, અને કેટલેક એવે સ્થળે નિરૂપાયે રાખવા પડે છે કે જ્યાં તેનું જોઇએ તેવું રક્ષણ થઇ શકતું નથી. એવું આ સભાના જાણવામાં માનવામાં આવ્યું છે, જેથી દરેક મુનિ મહારાજાઓને અમારી નમ્ર વિનંતી છે કે તેવી સગવડતા આ સભાએ ખરીદેલા સ્થાનમાં થઇ શકે તેમ છે; જેથી તેઓ સાહેબોનો જો વિચાર હશે તો અમો અમારી સભાએ તે બાબતના કરેલ નિયમાનુસાર અમો તેને સારી રીતે રક્ષણ કરી સાચવીશું, અને તેઓ સાહેબને જ્યારે તેમાંથી પોતાના ઉપયોગને માટે મંગાવશે, ત્યારે આ સભાના ખર્ચે અમો મોકલવાને પણ ઇરાદો રાખીએ છીએ. આવા સ્તુત્ય ભરેલા કાર્યને માટે, તેમજ આ સભા તેવા અનેક ઉત્તમ કાર્યને કરવાની અભિલાષા ધરાવતી હોવાથી અને પ્રયાસ કરતી હોવાથી દરેક સાધુ મુનિ મહારાજાઓ તેમજ દરેક જૈન બંધુઓએ તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરહુમ ગુરૂરાજના પરમ ભકતોએ તેવા ઉત્તમ કાર્યને માટે હવે નિરંતર પોતાથી બનતી દરેક પ્રકારની મદદ આપવાનીકૃપા કરવી.

આવો અમારો શુભ વિચાર જણાવી જ્ઞાન મંદિરની આવશ્યક્તા અને તેનાથી થતા લાભો માટે હવે પછી અમો અમારા માસિકમાં જણાવીશું એજ વિનંતી.

લી.

શ્રી જૈન આત્માનંદ સભા.

ભાવનગર.

---

# કચ્છ મહોદય.

### અથવા

## મુનિ વિહારથી થતા લાભ.

ગયા પ્રથમ ચૈત્ર માસમાં કચ્છદેશમાં આવેલા નાગલપુરમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો હતો. તે ગામમાં માંડવીનાં ગૃહસ્થ શામજી પદમશી અને ત્યાંના સંઘે મળીને એક મનોહર ચૈત્ય કરાવેલું છે, તેમાં શ્રી અજિતનાથની સુંદર મુર્તી આવેલી છે. મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજની ઉપદેશ વાણીના પ્રભાવથી કચ્છી જૈન પ્રજાની ભાવના શુકલપક્ષના ચંદ્રની જેમ વધતી જાય છે. આર્હતવાણીના ઉત્તમ ઉપદેશ વિના અજ્ઞાનરૂપ અંધકારમાં અથડાતી કચ્છી પ્રજા ઉપર હંસવાણીરૂપ સૂર્યની પ્રભાનો ભારે પ્રકાશ પડયો છે. એ વાણીના પ્રભાવથી નાગલપુરમાં પ્રથમ ચૈત્રમાસની શુકલ ત્રયોદશીને દિવસે અઠ્ઠાઈ ઉત્સવનો સમારંભ થયો હતો. એ મહોત્સવ પ્રસંગે પ્રભુની પૂજાઓ મોટા ઠાઠમાઠથી ભણાવવામાં આવી હતી. તેમજ પ્રભુની ભક્તિ વિશેષ ઉત્તેજીત થાય તેને માટે સંગીતના સંપૂર્ણ સાધનો ત્યાં લાવવામાં આવ્યા હતા. આ સમારંભનો મહાન્ લાભ મેળવવાને માંડવીના ભાવિક શ્રાવકોએ તેમાં મોટો ભાગ લીધો હતો. ત્યાંના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનિક ગૃહસ્થો અને બાહેરના ગૃહસ્થો તરફથી ભેગી મળી ચોવીશ તીર્થંકરોની સંખ્યાને સાર્થક કરનારી ચોવીશ પુજાઓ ભણાઈ સુકી હતી. આ ઉત્સવને ઉમંગથીવધારનારા ભવ્યશ્રાવકોએ જલયાત્રાનો મોટો વરઘોડો ચડાવ્યો હતો. જેની શોભા અલૌકિક હતી.

જૈન વિદ્વાનોના માનસમાં હંસ સમાન મુનિવર્ય શ્રી હંસવિજયજીના વ્યાખ્યાનની વિશિષ્ટ વાણીને સાંભળવા આસપાસના સેહેરો તથા ગામોથી આબાલ વૃદ્ધ જૈન પ્રજા ઉલટથી આવે છે અને પોતાની ધાર્મિક ભાવનાને વિશેષ જાગ્રત કરે છે. નાગલપુર જેવા સાધારણ ગામમાં આવો મનોહર ધાર્મિક દેખાવ થાય, એ પ્રભાવ વિદ્વાન મુનિવરોના વિહારનોજ છે. જે જે ક્ષેત્રોમાં મુનિવરો વિચરતા નથી. તે તે ક્ષેત્રોમાંથી ધર્મની ભાવના લાંબે કાળે નષ્ટપ્રાય થઈ જાય છે અને જે જે ક્ષેત્રોમાં વિદ્વાન મુનિઓના વિહાર થયા કરે છે, તે તે ક્ષેત્રોમાં ધર્મની ઉન્નતિ સારી થાય છે. એ દાખલો મુનિવર્ય શ્રી હંસવિજયજીના અને પંન્યાસ શ્રી સંપતવિજયજીના વિહારથી કચ્છભૂમિમાં પ્રત્યક્ષ બન્યો છે. એ વિદ્વાન મુનિવરે કચ્છ જેવી ઉપર ભૂમિને ધર્મ રૂપ કલ્પવૃક્ષથી નવ પલ્લવિત કરી દીધી છે.

## પુસ્તકોની પહોંચ.

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈનપાઠશાળા છઠો વાર્ષિક રીપોર્ટ-સં, ૧૯૬૨ શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન બોર્ડીંગ સ્કુલ. પ્રથમ રીપોર્ટ. સં. ૧૯૬૦થી સં. ૧૯૬૨. શ્રી કચ્છી ઓશવાળ (દેહરા વાસી) જૈન પાઠશાળા દ્વીતીય વાર્ષીક રીપોર્ટ સં ૧૯૬૨ શ્રી માંગરોળ શ્રીમાળી વણિક હોસ્પીટલ ફંડનો સં ૧૯૬૨ના વર્ષનો રીપોર્ટ તથા હિસાબ. શ્રી મુંબઈ રત્ન ચિંતામણી સ્થાનક વાસી જૈન મિત્ર મંડળ દ્વીતીય વાર્ષિક રીપોર્ટ સં ૧૯૬૧ના આશાડ શુદ ૧ થી સં, ૧૯૬૨ના જેઠ વદ ૦) સુધી. લીંબડી પાંજરાપોળનો વાર્ષિક રીપોર્ટ સં ૧૯૬૨

For Private And Personal Use Only